---

**<u>(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો.)</u>**

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– 79430/2022

આંક :–

| | | |
|---|---|---|
| ૧. ગુનો બન્યાની તારીખ | :– | 24/06/2022 |
| ૨. ફરીયાદીનું નામ | :– | ધી સ્ટેટ ઓફ ગુજરાત. |
| ૩. આરોપીનું નામ અને સરનામું | :– | ભાવિનભાઈ મુકેશભાઈ પટણી, ઉ.વ.આ.પુખ્ત,<br>રહેઃ અસારવા અમદાવાદ. |
| ૪. ગુનાની વિગત | :– | ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ. |

પ્રશ્નઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યું, તે મુજબનો ગુનો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– અમને ગુનો કબુલ છે.

———————————————— મારા રૂબરૂ

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

"હુકમ"

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને ધી ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૧૦૦/– અંકેરૂપિયા એક સો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે જો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો તે લગત કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ.

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૮૭૪.